## સલામી સવારની..




*સાચા અર્થશાસ્ત્રીની સલાહ વિના ગાંડો થયો છે,*
*'નોટબંધી'-'આંધળું'-સાહસ મોટો ગાંડો થયો છે,*
*ખાડો થયો છે ઊંડો, કાળાં નાણાંની શોધખોળમાં -*
*ભૂરાંટા થયા નેતાઓને વિકાસ ગાંડો થયો છે.*

હાઈકુ

બાળકો પર
બદનજર બની -
બેઠી પનોતી..

રાક્ષસી પંજે,
દબોચાય ફૂલડાં -
શિક્ષણ બાગે...

### ચિંતન

**ઋણશત્રુ વ્યાધિર્નિવિશેષઃ કર્તવ્યઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવાયેલ છે.

ઋણ, શત્રુ અને રોગને સમૂળા નષ્ટ કરવા.

કરજ, દુશ્મન અને રોગને સંપૂર્ણપણે નામશેષ કરવા જોઈએ. થોડુંક બાકી રહેલું કરજ ધીરે ધીરે વધતું જાય અને એ રીતે રોગ પણ. એ બંનેનો બોજો જીવનને દુઃખી દુઃખી કરી નાખશે. શત્રુ બે પ્રકારના હોય છે. એક બાહ્ય અને બીજો આંતરિક. બાહ્ય શત્રુઓ એટલે હરીફો અને આંતરિક શત્રુ એટલે પાપકર્મો. એ બંનેને પણ માર્ગમાંથી હટાવી દેવા જોઈએ. નહિતર જીવનમાં તે આપત્તિઓના ઢેર કરી નાખે છે.

### સુવિચાર

- દંભ એટલે દુર્ગુણ તરફથી સદ્‌ગુણને થતી સલામ - **જન કલ્યાણ**
- ઋણ મુશ્કેલ વસ્તુઓ : એક રહસ્યને અપ્રકટ રાખવું, કષ્ટ ને ભૂલી જવું, અને ફુરસદનો સદુપયોગ કરવો - **જનાર્દન શેઠ**
- વાસ્તવમાં ઈતિહાસ માનવતાનાં અપરાધો, મૂર્ખતાઓ અને દુર્ભાગ્યોના લેખથી વિશેષ કાંઈ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તર્ક એટલે વિશ્વાસપૂર્વક ખોટે રસ્તે જવાની વિદ્યા - **લા બ્રુયેર**
- આ મારો સિદ્ધાંત છે કે જે હું પોતે કરી શકું છું, તે અન્ય પાસે ક્યારેય કરાવતો નથી - **પ્લૂટાર્ક**
- જ્યારે આપણી ઘૃણા હિંસામાં પરિણમે છે ત્યારે આપણે જેની ઘૃણા કરીએ છીએ તેનાથી પણ આપણને તુચ્છ બનાવી દઈએ છીએ - **ડૉ. રામચરણ**
- આજનું ઔષધ : એક ભાગ લીંબુનો રસ ત્રણ ભાગ કોપરેલ અળાઈ ઉપર લગાવવાથી રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

### બોધકથા

ફ્રાંસના મહાન લેખક ઝયાં પોલ સાત્ર. એમને ઉત્તમ સાહિત્ય રચવા બદલ નોબેલ ઈનામ આપવાની જાહેરાત થઈ. લાખો ડોલર્સ મળે અને નામના આખી દુનિયામાં ફેલાઈ જાય. અને એમના પુસ્તકો પણ ખૂબ વેચાય જેથી રોયલ્ટીની કમાણી પણ ઘણી થાય. પણ પોલ તો સાદગીનું જીવન જીવતા સંત જેવા માણસ.

નોબેલ સમિતિને એમણે કાગળ લખ્યો એમાં લખ્યું, 'હું જે છું તે જ ઠીક છું. મારા વાચકો મને સારી રીતે ઓળખે છે, નોબેલ ઈનામનું પૂંછડું મારે લગાડવાની કોઈ જરૂર નથી, જેમ બટાટાનો થેલો મારે બિન ઉપયોગી છે તેમ લાખો ડોલર્સનું નોબેલ ઈનામ પણ મારે માટે નકામું છે.'

# જાપાન પાસેથી શીખીએ

જાપાન પાસેથી ભારતે ઘણું બધું શીખવા જેવું છે. વડાપ્રધાન શિન્ઝો એબે અને એમનાં ધર્મપત્ની અકીએ અમદાવાદના જનદર્શન દરમિયાન શુદ્ધ ભારતીય પરિધાનમાં દેખાવાનું પસંદ કર્યું તે શું સૂચવે છે? સામેના માણસનો જ ખ્યાલ કરવો. એ માનવતામાં માનનારી કોઈ પણ વ્યક્તિ કે વ્યક્તિ વિશેષની પ્રાયોરિટી હોવી જોઈએ. બોલીને નહીં પણ આચરણમાં મૂકીને જાપાનના વડાપ્રધાને આ મુદ્દો ઉજાગર કર્યો. એમની નમસ્કાર પદ્ધતિ પણ વિશેષ છે. ભેદવા કરતાં છેક કમ્મર સુધી ઝુકી જઈને નમન કરવાની જાપાનની વિવેકી શૈલી આપણે પક્ષે એમને આવકારતી વેળાએ અપનાવાઈ હોત તો બેઉ મહેમાનો રાજીનાં રેડ થઈ ગયા હોત. જાપાનને પોતાના દેશ જેટલું જ મહેમાન રાષ્ટ્ર માટે માન છે એ તો એમના વાયુયાન પર ફરકતા બે રાષ્ટ્રધ્વજ જોઈને જ સમજી શકાય. મોરારિ બાપુ ગયે વર્ષે જાપાનના ક્યોટો નગરમાં રામકથા કરવા ગયા ત્યારે કથાના હૉલના દરવાજે બેઉ દેશોના રાષ્ટ્રધ્વજ ફરકાવેલાં. આ દોસ્તી આજકાલની નથી. આપણે બુદ્ધ પેદા કરી શકીએ છીએ પણ બુદ્ધને જીરવી શકતા નથી. બુદ્ધને જાપાને જીરવી અને જોગવી જાણ્યા છે. મહાત્મા ગાંધીની કર્મભૂમિ સાબરમતી આશ્રમ ખાતે ત્રણ વાંદરાની પ્રતિકૃતિ નિહાળી વિચારમગ્ન થઈ ગયેલા જાપાનના વડાપ્રધાને મુલાકાત પોથીમા જે કંઈ લખ્યું તે જાપાનીઝ ભાષા અને લિપિમાં - આપણાં નેતાઓ જેવું આવડે એવું કાચું પાકું અંગ્રેજી જ લખે -બીજા દેશમાં જઈને પોતાની ભાષામાં વાતા કરતાં પણ સંકોચ અનુભવે. યોગાનુયોગ જાપાનીઝ વડાપ્રધાન હિન્દી દિવસ - ૧૪ સપ્ટેમ્બરના રોજ અનેક પ્રોજેક્ટ ખુલ્લા મૂકવાના ચે, પરંતુ આપણને આપણી ભાષાનું અભિમાન નથી. આખો કાર્યક્રમ અંગ્રેજીમાં જ સંપન્ન થાય એવું આયોજન આપણા બ્યુરોક્રેટ્સ કરી ચૂક્યા હોય અને નેતાઓએ તો એમના પઢાવેલા પોપટની જેમ પોતાનો રોલ ભજવી દેવાનો હોય. આશ્ચર્ય થશે કે જાપાનના લોકો અંગ્રેજી બહુ ઓછું જાણે છે, છતાં દુનિયામાં ટેકનોલોજી ક્ષેત્રે એમનો દબદબો છે. મૂળ કારણ કે પ્રજામાં અનુસ્યૂત રાષ્ટ્ર પ્રેમ. પોતાના દેશની અસ્મિતા અને સંસ્કૃતિને અકબંધ રાખી બાકીની દુનિયા સાથે શ્રેષ્ઠ વ્યવહાર રાખવાનું તો કોઈ જાપાની પાસેથી શીખે. વિનમ્રતા એના એકે એક નાગરિકનો સ્થાયી ભાવ. જયારે જુઓ ત્યારે જાપાનીઝ નરનારીઓના ચહેરા પર નિર્મળ હાસ્ય જ વિલસતું હોય. એક પણ એવો જાપાનીઝ નહીં મળે જેનો ચહેરો આપણા નેતાઓ જેવો કરડાકી વાળો હોય. આ ત્યાંની પ્રજાને છેક ગળથૂથીમાંથી અપાતા સંસ્કારોનો પ્રતાપ છે. જાપાનમાં આપણી જેમ બાળકને જલદી જલદી ભણાવી દઈ પોપટ બનાવી દેવાની ઘેલછા નથી પ્રવેશી. એ લોકો તો દસ વર્ષનું થાય ત્યાં સુધી બાળકને વિનય વિવેકના સંસ્કાર જ શીખવે છે. ત્યાંની શાળા-મહાશાળા કે યુનિવર્સિટી અમેરિકા કે યુરોપની શિક્ષણ સંસ્થાઓનું આપણી જેમ આંધળું અનુકરણ નથી કરતી. એમની પોતીકી શૈલી મુજબની આગવી શિક્ષણ શૈલી વિકસાવીને જાપાને નોબેલ વિજેતાઓ પેદા કર્યા છે. ત્યાં ભ્રષ્ટાચારની ગંધ આવતાની સાથે ભ્રષ્ટાચારી હારાકીરી કરીને પોતાની જાતને જ સજા કરી દે છે. ભારત પ્રત્યે હંમેશ માટે ઋણભાવ પ્રદર્શિત કરતા રહેતા જાપાને આપણને બુદ્ધના વારસદારો ગણી લીધા છે. પરંતુ બુદ્ધને પચાવ્યા છે જાપાને. યુદ્ધની દારૂણ વિભીષિકાનો કારમો અનુભવ વેઠ્યા પછી જાપાન વિશ્વશાંતિના અગ્રદૂત તરીકે વિશ્વ પટલ પર સ્થાપિત થયું છે. વસતિ વધારાની જે સમસ્યા ભારત કે ચીનને નડે છે, એથી તદન ઊલટી સ્થિતિ જાપાનની છે. ત્યાં મોટી ઉંમર સુધી લોકો લગ્ન જ નથી કરતા બલકે એમને પોતાના કામમાં એટલી હદે ખૂંપી જવાની આદત પડી ગઈ છે કે લગ્ન કરવાની ઉંમર વીતી જાય ત્યાં સુધી પરણવાનું યાદ જ નથી આવતું. એથી જાપાન દિનપ્રતિદિન 'વૃદ્ધ દેશ' બની રહ્યો છે. ત્યાં ૧૦૦ વર્ષ વટાવી ચૂકેલા વડીલો પણ કાર્યરત હોય છે. આપણે જાપાન પાસેથી બુલેટ ટ્રેક કે અલંગ માટે સૉફ્ટ લૉન લઈને ફુલાતાં ફરશું કે એના સદ્‌ગુણો - મંગલમય જીવનશૈલી જેવું પણ કંઈક શીખીશું?

તંત્રીસ્થાનેથી...

# તીર્થ...મનુષ્યને સંસાર સાગરમાં તારે છે

તીર્થ કોઈ પણ મનુષ્યને સંસાર સાગરમાં તારે છે. સરસ રીતે પાર કરાવી આપે છે.

તીર્થ ત્રણ પ્રકારનાં છે :

(૧) માનસતીર્થ - સત્ય, કરુણા, નમ્રતા વગેરે સદ્‌ગુણો.

(૨) સ્થાવરતીર્થ - આ પવિત્ર સ્થળોએ જવાનું હોય. એ પાંચ છે : પુષ્કર, કુરુક્ષેત્ર, ગયા, ગંગાક્ષેત્ર, પ્રભાસ, પાટણ.

(૩) જંગમ તીરથ - આમની સેવા કરવાની હોય, આચાર્ય, સંત વગેરે.

શ્રી ગાર્ગ્યમુનિ દ્વિજેન્દ્ર કવિએ, 'તીર્થાષ્ટકમ્' ની રચના કરી છે. એમાં એમણે આઠ જંગમ તીર્થની સ્તુતિ કરી છે : (૧) માતા (૨) પિતા (૩) ગુરુ (૪) ભક્ત (૫) પત્ની માટે પતિ (૬) પતિને માટે પત્ની (૭) મિત્ર (૮) વિપ્ર.

તે ક્રમશઃ આ રીતે છે :

(૧) પુત્રોને માટે માતા જેવું બીજું કોઈ તીર્થ નથી. માતાની સારી રીતે પૂજા કરવી. એ તારે છે, હિત કરે છે અને એ સતત ઉપકાર કરે છે.

(૨) પિતાની સારી રીતે પૂજા કરવી. પૂજા એને માટે વેદની - ક્રિયાકાંડ અથવા અધ્યનની - પણ જરૂર નથી. પુત્રને માટે આ જ ધર્મ છે. દરેક મનુષ્યો માટે આ તીર્થ છે; એમ સમજવું.

(૩) અજ્ઞાનનો અંધકાર ગમે તેટલો ગાઢ હોય; પરંતુ ગુરુ એનો તરત જ નાશ કરી નાખે છે. એનાં હૃદયમાં શિષ્યોનું હિત રહેલું છે. તેથી ગુરુ તો સૌ કોઈને માટે ઉત્તમ તીર્થ છે.

(૪) ભગવાન વિષ્ણુનો ભક્ત ખરેખર તીર્થ સ્વરુપ જ છે. તે પોતે પવિત્ર છે અને બીજાને પવિત્ર કરે છે. એ ઉત્તમ આચરણ વાળો છે. એ આ લોકમાં પાપનાં પૂજનને ભસ્મ કરી નાખે છે.

(૫) પત્નીને માટે પતિનાં ચરણો પ્રયાગ અને પુષ્કર ક્ષેત્ર જ છે. પત્નીએ પોતાના માટેનાં આ તીર્થરૂપ સરોવરમાં સતત સ્નાન કરતાં રહેવું.

(૬) આ સમગ્ર સંસારમાં પતિને માટે પત્ની જેવું બીજું કોઈ તીર્થ નથી. એ બધા સંજોગોમાં પતિનો તારે છે, જેના ગૃહમાં પત્ની રૂપે સન્નારી છે. એ પુરુષ ખરેખર ધન્ય છે.




(૭) મુનિઓ પણ કહે છે કે આ લોકમાં મિત્ર ઉત્તમ તીર્થ છે. સારા અને ખરાબ સમયમાં, મિત્ર હંમેશા એક સરખી રીતે સાથે રહે છે.

(૮) વિપ્ર વેદના ક્રિયાકાંડથી પોતાને પવિત્ર રાખતો હોય, હૃદયથી પોતે નિર્મળ હોય અને પોતાના સતત વાણીપ્રવાહથી બીજાનાં હૃદયને નિર્મળ બનાવતો હોય - તો આ વિપ્ર ખરેખર જંગલ તીર્થ જ છે, ગતિશીલ તીર્થ છે.

આ રીતે આ આઠ - માતૃતીર્થ, પિતૃતીર્થ, ગુરુતીર્થ, ભક્તતીર્થ, પતિતીર્થ, પત્નીતીર્થ, મિત્રતીર્થ અને વિપ્રતીર્થ - ની નિષ્ઠાપૂર્વકની સેવા સંસાર સાગરને પાર ઉતારી આપે તેમ છે.

# પૃથ્વીની સપાટીથી કેટલા કિ.મી. સુધી ઓઝોન સ્તર જોવા મળે છે?

## પર્યાવરણ - ઓઝોન

(૧) નીચેનામાંતી કંઈ સંસ્થા પર્યાવરણક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરે છે?
(અ) યુનેસ્કો (બ) યુએનઈપી
(ક) યુનીસેફ (ડ) આઈ.એમ.એફ

(૨) વિશ્વ ઓઝોદદિન કયારે ઉજવાય છે?
(અ) ૨૨ એપ્રિલ (બ) ૫ જૂન
(ક) ૨૦ ઓગસ્ટ (ડ) ૧૬ સપ્ટેમ્બર

(૩) ઓઝોન વાયુ એટલે શું?
(અ) ઓક્સીજનના બે પરમાણુ (બ) ઓક્સીજનના ત્રણ પરમાણુ
(ક) હાઈડ્રોજન-ઓક્સીજન પરમાણુ (ડ) એક કલોરીન ત્રણ ઓક્સીજન પરમાણુ

(૪) પૃથ્વીની સપાટીથી કેટલા કિ.મી. સુધી ઓઝોન સ્તર જોવા મળે છે?
(અ) ૦ થી ૧૫ કિ.મી. (બ) ૦ થી ૩૦ કિ.મી.
(ક) ૧૫થી ૫૦ કિ.મી. (ડ) ૧૫ થી ૨૦૦ કિ.મી.

(૫) ઓઝોન વાયુ કયા કિરણોને શોષી લે છે?
(અ) એક્સ-રે કિરણો (બ) બીટા કિરણો
(ક) પારરક્ત કિરણો (ડ) પારજાંબલી કિરણો

(૬) ઓઝોન પડને નુકશાન થાય તો કેવા પ્રકારના રોગો થાય?
(અ) ચામડીજન્ય રોગ (બ) કેન્સર
(ક) હાર્ટ એટેક (ડ) વાઈરલ રોગો

(૭) વિશ્વ ઓઝોન દિન ને ૧૬ સપ્ટેમ્બરે ઉજવવાનું કઈ સાલમાં નક્કી થયું?
(અ) ૧૯૮૫ (બ) ૧૯૯૦
(ક) ૧૯૯૪ (ડ) ૧૯૯૬

(૮) ઓઝોન પડની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય 'મોન્ટ્રીયલ પ્રોટોકલ' કયારે થયો?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૭
(ક) ૧૯૯૦ (ડ) ૧૯૯૫

(૯) ઓઝોન પડને નુકશાન કરે તેવા રસાયણોને શું કરે છે?
(અ) પેસ્ટીસાઈડ (બ) હેવી કેમિકલ્સ
(ક) ઓ.ડી. એસ (ડ) મર્ક્યુરી એલીમેન્ટ્સ

(૧૦) 'કલોરોફલોરો કાર્બન' નો ઉપયોગ શા માટે થતો હતો ?
(અ) એરકંડીશન અને રેફ્રીઝરેશન (બ) ટીવીની ટ્યુબમાં
(ક) ગાડીના ટાયરોમાં (ડ) પ્લાસ્ટીક બનાવવા

(૧૧) ઓઝોન વાયુના અસ્તિત્વ વિષેની પ્રથમ શોધ કોણે કરી?
(અ) બ્રેઈન ગાર્ડનીર (બ) શોનબેઈન
(ક) જોન્થન સન્કીન (ડ) હર્ષીલ

(૧૨) ૧૯૮૪માં કયા બે વૈજ્ઞાનિકોએ ઓઝોન સ્તરની શોધ કરી હતી?
(અ) શોન બ્રેઈન અને બ્રેઈન ગાર્ડનીર (બ) બ્રેઈન ગાર્ડનીર અને જોન્થન સન્કીન
(ક) જોન્થન સન્કીન અને શોન બેઈન (ડ) વિલિયમ હર્ષલ અને શોન બેઈન

(૧૩) ઓઝોન દિવસનું આ વર્ષનું થીમ શું છે?
(અ) સેવ અર્થ સેવ ઓઝોન (બ) વી. આર. વી. ઓઝોન હિરો
(ક) સેવ અર્થ એન્ડ લાઈફ (ડ) ઓઝોન ઈઝ અવર લાઈફ

(૧૪) ઓઝોન સ્તરમાં સૌ પ્રથમ ગાબડું કયાં જોવા મળ્યું હતું?
(અ) એન્ટાર્કટીકામાં (બ) આફ્રિકન દેશોમાં
(ક) એશિયાખંડ પ્રદેશમાં (ડ) અમેરિકામાં

(૧૫) ક્લોરોફલોરો કાર્બનનો ઉપયોગ શામાં થતો નથી?
(અ) એસીમાં (બ) એરોસોલ સ્પ્રેમાં
(ક) અગ્નિશામકમાં (ડ) બ્રેડ ઉત્પાદનમાં

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧૫ સપ્ટેમ્બર ૧૮૭૬ : શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય :** બંગાળના હુગલીમાં જન્મ. બંગાળી સાહિત્યકાર, 'દેવદાસ' અને 'પરિણિતા' ફિલ્મ બની તેના નવલકથાકાર.
- **૧૬ સપ્ટેમ્બર ૧૯૧૬ : સુબ્બો લક્ષ્મી :** આંતરરાષ્ટ્રીય ગાયિકા, મુદરાઈમાં જન્મ, પદ્મભૂષણ અને રાષ્ટ્રપતિ પુરસ્કાર વિજેતા. ૨૦૦૪માં અવસાન થયું.
- **૧૭ સપ્ટેમ્બર ૧૯૦૧ : સર ફ્રાન્સિસ ચિચેસ્ટ :** સાગરખેડૂ, ઈંગ્લેન્ડમાં જન્મ. માટીમાંથી સોનું કાઢવાનો વ્યવસાય, ઈંગ્લેન્ડથી ઓસ્ટ્રેલિયા ઉડ્ડયન કર્યું. પ્રથમ સ્થાન મેળવું. ૧૯૭૨માં નિધન.
- **૧૮ સપ્ટેમ્બર ૧૯૦૯ : ડૉ. સેમ્યુલ જહોન્સન :** અંગ્રેજી સાહિત્ય લેખક, રોગના કારણે વિકૃત ચહેરા સાથે જીવ્યા. ૧૭૮૪માં અવસાન.
- **૧૯ સપ્ટેમ્બર ૧૯૧૨ : રૂબીન ડેવીન :** પ્રકૃતિવિદ, અમદાવાદમાં જન્મ. ગળામાં કેન્સરના કારણે વાચા ગુમાવી હતી. કાંકરીયા પ્રાણી સંગ્રાહાલાયના સર્જક. ૧૯૮૭માં અવસાન થયું.
- **૨૦ સપ્ટેમ્બર ૧૯૨૪ : વિનોદ કિનારીવાલા :** ૧૯૪૨ની ચળવળનો ગુજરાતનો પ્રથમ શહીદ. ૧૮ વર્ષની વયે આઝાદીની ચળવળમાં ત્રિરંગા સાથે મૃત્યુ પામ્યા.
- **૨૧ સપ્ટેમ્બર ૧૮૬૬ : એચ. જી. વેલ્સ :** નવલકથાકાર, પત્રકાર અને વિજ્ઞાન કથા લેખક, ભવિષ્યવેતા, ઈંગ્લેન્ડમાં જન્મ ૧૯૪૩માં અવસાન.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા મહિલા નેતાને સંરક્ષણ પ્રધાન બનાવવામાં આવ્યા ?**

**જવાબ : નિર્મલા સીતારામ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો




(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) વિવેક પી. મકવાણા : સે-૨૩
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૭) મહેશ જાદવ : શ્રીરંગ એન્ટાપર, રાયસણ
(૮) વાઘેલા દિલીપ કે : ઉદણ, દહેગામ (ગાંધીનગર)

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રેલ્વે મંત્રી તરીકે કયા મહાનુભાવની પસંદગી કરવામાં આપી છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) ડ (૩) બ (૪) ક (૫) ડ (૬) અ (૭) ક (૮) બ (૯) ક (૧૦) અ (૧૧) બ (૧૨) બ (૧૩) બ (૧૪) અ (૧૫) ડ

# સભાનતા ને બેકાળજી વચ્ચે સંબંધ

સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ અને ફાલસીપેરમ મેલેરિયા ખાસ કરીને આમ દેખાવમાં સ્વાઈન ફલુમાં પણ જો તકેદારી રાખવામાં આવે તો દર્દીને સાજા થવાની ૧૦૦ ટકા શક્યતા રહેલી છે. એવી જ રીતે ડેન્ગ્યુમાં પણ સાવધાનપણે ધ્યાન રાખી જો લેબોરેટરી અને સારા ડૉક્ટર મળી જાય તો કોઈ તકલીફ નથી. એવી જ રીતે ફાલસીપેરમ મેલેરિયામાં પણ સારી લેબોરેટરીમાં સાચો રીપોર્ટ ફાલસીપેરમમાં મળે તો ફાલસીપેરમમાં પણ કોઈ પણ જાતની તકલીફ વગર એટલે કે જટીલતા વગર દર્દીને સારું થાય જ. કેમ ભાઈ આવું લખવું પડે છે ? એનો મતલબ એવો પણ થાય કે દર્દી જો ધ્યાન ન રાખે તો ગમે તે થાય, એમ જ કહેવા માંગો છો ને ? હા ભાઈ! અમે એમ જ કહેવા માંગીએ છીએ. દા.ત. પહેલો દાખલો લઈએ કે સરિતાબેનને ત્રણ - ચાર દિવસથી છીંક આવતી હતી, ગળામાં દુઃખતું હતું, શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, એક્સ-રેમાં વાઈરલ નિમોનિયા દેખાતો હતો. લેબોરેટરીનો લોહીનો રીપોર્ટ નોર્મલ હતો. ટાઈમસર ડૉક્ટરે સ્વાઈન ફલુનો ટેસ્ટ કરાવ્યો. નાકમાંથી અને ગળામાં સળી નાંખીને એને પોલીમરેનચેન રીએક્સન વડે સરકારની માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યો, પોઝીટીવ આવ્યો. ડૉક્ટરે ટેમીફલુ નામની દવા ચાલુ કરી. બે દિવસ દવાખાને રાખ્યા અને પછી કોઈપણ જાતની જટીલતા સિવાય દર્દી એટલે કે સરિતાબેન સારા થઈ ગયા. બોલો શંકર ભગવાનની જય....

હવે, મોહંમદભાઈને સરિતાબેનની જેમ જ બે - ત્રણ દિવસથી તાવ આવતો હતો. ગળામાં દુઃખતું હતું, શ્વાસોચ્છવાસમાં તકલીફ પડતી હતી. પણ એમણે કશું જ ગણકાર્યું નહીં. અઠવાડીયા પછી મોહંમદભાઈની તબિયત એકદમ લથડી પડી. બેભાન જેવી અવસ્થામાં આવી ગયા. કાં બોલી ન શકે અને બોલી શકે તો લોકોને કંઈ સમજણ ન પડે. માનસિક રીતે ખલાસ થઈ ગયા હતા. ઘરના બધા એકદમ ચિંતા કરવા લાગ્યા, છતાંપણ મોહંમદભાઈ દવાખાને જવા માટે તૈયાર નહોતા. આખરે ઘરવાળાઓએ ઊંચકીને બળજબરીથી ડૉક્ટરે બતાવ્યું. ડૉક્ટરે જોતાં વેંત જ કહી દીધું કે આ સ્વાઈન ફલુનો કેસ છે અને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરો. કોઈ પણ પ્રાઈવેટ હૉસ્પિટલો મોહંમદભાઈને રાખશે નહીં. માટે ઝડપથી સરકારી હૉસ્પિટલમાં લઈ જાવ. ડૉક્ટરે તપાસીને કહ્યું મોહંમદભાઈ તબિયત બહુ જ ખરાબ છે એ જાતે શ્વાસ લઈ શકતા નથી. માટે વેન્ટીલેટર પર રાખવા પડશે. એટલે કે મશીનથી શરીરને ઑક્સિજન પહોંચાડવા માટે કામ કરવું પડશે. એક દિવસ, બે દિવસ પણ મોહંમદભાઈ તબિયત વધારે ખરાબ થતી ગઈ. કારણ કે, બંને ફેફસાંમાં સ્વાઈન ફલુને લીધે કફ ભરાઈ ગયો હતો. મોહંમદભાઈ તો બેભાન જ હતા. ડૉક્ટરે કહ્યું કે ભાઈ મોહંમદભાઈને અલ્લાહ બચાવી શકે. બધા ભેગા થઈને અલ્લાહની પ્રાર્થના કરો. જો અલ્લાહની ઈચ્છા હશે તો મોહંમદભાઈ બચી જશે. પણ બહુ દુઃખ સાથે અલ્લાહની જે મરજી હોય તે મોહંમદભાઈ હવે આ દુનિયામાં નથી અને અલ્લાહતાલાએ મોહંમદભાઈને પોતાની સેવામાં બોલાવી લીધા. સવાલ એ થાય !!? શું મોહંમદભાઈનો જીવ બચી શક્યો હોત, શું મોહંમદભાઈ પોતાનું કુટુંબનું ધ્યાન રાખવા માટે હજુ પણ જીવીત હોત. ખરેખર જવાબ તો કોઈ ન આપી શકે પણ જો મોહંમદભાઈએ પહેલાથી જ એટલે કે જ્યારે ઉધરસ, શરદી અને શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી ત્યારે ડૉક્ટરની સલાહ લઈ દવા લીધી હોત તો લગભગ બચી ગયા હોત. એટલે આ બે ઉદાહરણ એટલા માટે આપવા પડે કે જરૂર પડે તો તરત જ ડૉક્ટરો અભિપ્રાય લઈ લેવો જોઈએ.




સંતોષભાઈને જરા રાત્રે છીંક આવી, સ્હેજ માથામાં દુઃખવા જેવું લાગ્યું. બસ, થઈ ગયું. ડૉક્ટરને કહે મને તો સ્વાઈન ફલુ જ છે. મને દાખલ કરી દો. અને તાત્કાલિક સ્વાઈન ફલુનો ટેસ્ટ કરાવો, નહીંતર હું મરી જઈશ. ડૉક્ટરે સંતોષભાઈને બરાબર જોયા, તપાસ્યા અને કહ્યું સંતોષભાઈ તમને કાંઈ જ નથી. તમે નાહકની ખોટી ચિંતા કરો છો. સંતોષભાઈ બોલ્યા... ના ભાઈ ના... મારો સ્વાઈન ફલુનો ટેસ્ટ થવો જ જોઈએ અને પોઝીટીવ આવશે, હું મરી જઈશ, મારા છોકરા રખડી પડશે. મહેરબાની કરીને મારો ટેસ્ટ કરાવો. ડૉક્ટરે કહ્યું સંતોષભાઈ તમને કાંઈ જ નથી. સંતોષભાઈએ કહ્યું ડૉક્ટર સાહેબ તમે લખીને આપી દો કે મને સ્વાઈન ફલુ નથી. ડૉક્ટરે કહ્યું લખવાની કંઈ જ જરૂર નથી. ના સાહેબ મતલબ તમે કંઈક છુપાવો છો. ડૉક્ટરે કહ્યું સરકારના નિયમ પ્રમાણે કેટેગરી - સી જો હોય તો જ એ જ દર્દીનો સ્વાઈન ફલુ કરી શકાય. કોઈ પણ ચાલતા - હાલતા માણસને સ્વાઈન ફલુ કરવાની જરૂર નથી અને એવું લાગતું હોય તો સ્વાઈન ફલુની રસી અથવા સ્વાઈન ફલુની ગોળીઓએ તમે લઈ શકો.

આ ત્રણ ઉપરના ઉદાહરણ એક સરિતાબેનનો છે, એક મોહંમદભાઈનો છે અને ત્રીજો સંતોષભાઈનો છે. તમારે જાતે જ નક્કી કરવાનું છે કે આમાં કોણ સાચું અને કોણ જુઠ્ઠુ. એટલા માટે જ કહું છું કે સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ કે ફાલસીપેરમથી ગભરાવાની જરૂર નથી. હા.. થોડી આંખ ખુલ્લી રાખી પોતાની જાતને જોવાની જરૂર છે. ગમે તેને સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ કે ફાલસીપેરમ થઈ શકે. પણ સંતોષભાઈની જેમ ગાંડા કાઢીને પોતાની જાત, ડૉક્ટર, પોતાના કુટુંબીજનોને આમ હેરાન કરવાનો કોઈને પણ અધિકાર નથી. તમારા શરીર માટે અવશ્ય સભાન રહો. પણ તમારા શરીર અને તમારી બિક માટે લોકોને, સમાજને, ડૉક્ટરોને અને સરકારને હેરાન ન કરો. જાગતા રહો...